## જન્મદિને વધામણી


સી ડી ધનેશ્વર
ફોન : ૨૩૨૨૫૩૫૭


મહેન્દ્ર છોટાલાલ પટેલ
કારોબારી સભ્ય
બાવીસ ગામ પટેલ સમાજ
મો. ૯૯૨૪૧ ૩૩૪૫૭


મનિષા એસ પારેખ
મો. ૭૩૮૩૧ ૮૩૪૭૪


હરદિપસિંહ નટવરસિંહ ચૌહાણ
મો. ૭૩૮૩૧ ૮૩૪૭૪


યશ જયેશ તન્ના
મો. ૯૯૨૪૧૧૨૨૭૦

# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર ખાતે ગુરુ પૂર્ણિમા પર્વની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૯

ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર ખાતે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ પૂર્ણિમા પર્વની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી.

ધોરણ-૧થી ૧૦ના સઘળા વિદ્યાર્થીઓ આ ઉજવણીમાં સામેલ થયા હતા. કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના પછી કેજીનાં ભૂલકાઓએ કુમકુમ તિલકથી મંત્રોચ્ચારસહ ગુરુનું પૂજન કર્યું હતું. ત્યારબાદ ધોરણ-૩થી ૬ના વિદ્યાર્થીઓએ ગુરુ પૂર્ણિમા આધારિત વિવિધ ડાન્સ પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસ્તુતિના માધ્યમથી વિદ્યાર્થીઓએ પ્રાચીન કાળની ગુરુ-શિષ્ય પરંપરાની યાદ તાજી કરાવી હતી. ધોરણ-૭થી ૯ના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીના જીવન ઘડતરમાં ગુરુનું શું સ્થાન હોય છે તે થીમ આધારિત 'સ્વર્ગનો સાચો અધિકારી કોણ' નાટક રજૂ કર્યું હતું. આ તમામ કૃતિઓએ પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.

ધોરણ-૮ના વિદ્યાર્થી ઓમ, શાળાના શિક્ષક તથા પ્રિન્સિપાલ દ્વારા ગુરુ પર્વનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ તથા તમામ શિક્ષકોએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા.

### જૈન સોશિયલ ગ્રુપ દ્વારા આયોજિત

# રાજ્યકક્ષાની ફોક ડાન્સ સ્પર્ધામાં જેઍસજી ગાંધીનગરની ટીમ વિજયી

## વિજેતા ટીમ આગામી દિવસોમાં રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે



જૈન સોશિયલ ગ્રુપ દ્વારા અંકલેશ્વર ખાતે આયોજિત રાજ્ય કક્ષાની ફોક ડાન્સ કૉમ્પીટીશનમાં જૈન સોશિયલ ગ્રુપ, ગાંધીનગરની ટીમે પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું છે. આશાબેન સરવૈયાના નેતૃત્વમાં ગાંધીનગરની ટીમે આ વિજય હાંસલ કર્યો હતો. આ વિજેતા લોકનૃત્યની કોરિયોગ્રાફી ખનક સ્કૂલ ઑફ પરફોર્મિંગ આર્ટ્સનાં કુલદીપ શુક્લ અને ખુશ્બુ શુક્લ દ્વારા કરવામાં આવી હતી. ગાંધીનગર જૈન સોશિયલ ગ્રુપ તેમજ કલાપ્રેમી નગરજનો તરફથી ટીમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ટીમ આગામી દિવસોમાં રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહી છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૬.૩૦. ૧૦.૦૦
**સ્ક્રીન-૨**
સુલતાન
૬.૦૦, ૯.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૧૨.૩૦, ૩.૩૦
**સ્ક્રીન-૩**
આઈસ એજ (અંગ્રેજી, ૩ડી)
૧.૪૫. ૫.૪૫, ૯.૪૫
આઈસ એજ (હિન્દી, ૩ડી)
**સ્ક્રીન-૪**
રોમિયો ઍન્ડ રાધિકા (ગુજરાતી)
૬.૪૫, ૯.૪૫
સુલતાન
૧૨.૦૦, ૩.૩૦
**સ્ક્રીન-૫**
સુલતાન
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
સવારે ૧૦.૦૦

# માઉન્ટ કાર્મેલ શાળામાં ગુરુપૂર્ણિમા અને વૃક્ષારોપણ દિનની ઉજવણી




## બાળકોમાં જ્ઞાન અને સંસ્કારનું સિંચન કરનાર ગુરુજનોનું શાળા મેનેજમેન્ટે બહુમાન કર્યું

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં ગુરુપૂર્ણિમાનાં શુભદિને લાયન્સ ક્લબ અને શાળાના સંયુક્ત સહયોગથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યકર્મમાં જંગલ ખાતાના એ.સી.એફ. ત્રિવેદી સાહેબ, લાયન્સ ક્લબના પ્રમુખ નિમેશ રાવલ તથા સભ્યો અને નિવૃત્ત શિક્ષકોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું. તો સાથે સાથે ગાંધીનગર અને ભારતને પ્લાસ્ટિક મુક્ત રાખવા નરેશ ઠાકરે વકતવ્ય આપી વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. ગુરુપૂર્ણિમાના પાવન દિનનું મૂલ્ય વધારવા શાળાના નિવૃત્ત શિક્ષકોને આમંત્રિત કરવામા આવ્યા હતા. છોડવા સમાન નાનાં બાળકોમાં જ્ઞાન અને સંસ્કારનું સિંચન કરનાર આ ગુરુજનોનું શાળા મેનેજમેન્ટે બહુમાન કરી સન્માનિત કર્યા. સમગ્ર કાર્યક્રમ ઈકોક્લબ ઈન-ચાર્જ શિક્ષક અને વિદ્યાર્થીઓએ આચાર્ય સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો.

# શેઠ સી ઍમ હાઈસ્કૂલ ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ.હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩ ખાતે આજે ગુરુપૂર્ણિમા ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આચાર્ય અને સુપરવાઈઝર્સનું પ્રતીક પૂજન ધોરણ-૧૧ની બે વિદ્યાર્થિનીઓએ કર્યું. આચાર્યએ પોતાના ગુરુઓ અને સંસ્થાના આદ્યસ્થાપક છગનભા, દાસકાકા અને સ્વ. માણેકલાલ પટેલને યાદ કર્યા અને વિદ્યાર્થીઓમાં ઉચ્ચ શિસ્ત અને સંસ્કારનું ઘડતર થાય તે માટે સુંદર પ્રેરક વાતો કરીને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉચ્ચતર માધ્યમિક વિભાગના સુપરવાઈઝર નટવર વી લાડાણીએ કર્યું. ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓએ શાળાના તમામ કર્મચારીઓનું કુમકુમ-અક્ષતથી પૂજન કર્યું, આજના આ દિવસે શાળાના તમામ વિદ્યાર્થીઓએ અભ્યાસમાં તેજસ્વી થઈને શાળા તથા પોતાના કુટુંબને સમાજમાં ઉન્નત સ્થાન પ્રાપ્ત કરાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# શું આપણે એક વિસ્ફોટક જ્વાળામુખીનું સર્જન કરી રહ્યા છીએ ?

મારા એક મિત્ર તેના કુટુંબીજનો અને મિત્રો સાથે રાત્રે લગભગ દસેક વાગ્યાના સમયે બરફ ગોલાની લારીએ ગોલા ખાવા માટે ઊભા હતા. ગોલા ખાતા હતા તે દરમ્યાન એક દસેક વર્ષની છોકરી તે લોકો પાસે માંગવા માટે આવી. મિત્રએ ગોલાવાળાને ઓર્ડર આપ્યો કે આ છોકરીને પણ એક ગોલો આપો. છોકરી કહે ગોલો નહિ, દસ રૂપિયા રોકડા આપો. મિત્રએ કહ્યું રોકડા નહિ મળે, ખાવો હોય તો ગોલો ખાઈ લે નહિતર ચાલતી પકડ. છોકરીએ ડોકું ધુણાવી ગોલો ખાવાની ના કહી અને ત્યાંથી ચાલવા લાગી. મિત્રને આશ્ચર્ય થયું કે આ છોકરી કેવી કહેવાય ! રોકડા ના આપ્યા તો ગોલો પણ ના લીધો. મિત્રએ તેને સાદ પાડી પરત બોલાવી ને ખીસામાંથી દસની નોટ કાઢીને પૂછ્યું કે તે છોકરી દસ રૂપિયા રોકડા લેવાનો જ શા માટે આગ્રહ રાખે છે? છોકરીએ થોડી દૂર આવેલી ઝૂપડપટ્ટી તરફ આંગળી ચીંધી ને કહ્યું કે પોતે ત્યાં રહે છે. પોતાનો ધંધો ભીખ માંગવાનો જ છે. રાત્રે રૂપિયા પચાસની ભીખ માંગીને ઘેર ના લઈ જાય તો પોતાને તેના મા-બાપ ઘરમાં નથી આવવા દેતા અને ખાવાનું પણ નથી આપતા. રાત્રીના દસ તો વાગી ગયા છે ને પોતે ચાલીસ રૂપિયા ભેગા કરી લીધા છે. દસ રૂપિયા ઘટે છે એટલે રોકડા રૂપિયા નો આગ્રહ રાખે છે. છોકરીની વાત સાંભળી મિત્ર અને તેના કુટુંબીજનોનું હૃદય દ્રવી ઉઠ્યું.

દસ વર્ષની બાળકી અને અભણ, નિરક્ષર, ગરીબ, ઝૂપડપટ્ટીમાં રહેતા મા-બાપ દ્વારા પોતાના જ પેટ ઉપર આટલો ક્રૂર અત્યાચાર ! તે છોકરીના મા-બાપની પણ કંઈક મજબૂરી હશે તેમાંયે ખાસ કરીને આર્થિક મજબૂરી. આ પ્રસંગ વિષે મિત્ર પાસેથી વાત સાંભળી ત્યારે ઘણા વિચારો આવ્યા. શું શિક્ષિત, આર્થિક રીતે સમ્પન્ન કે મધ્યમ વર્ગના મા-બાપ દ્વારા પણ આ રીતે નહિ તો અન્ય રીતે પોતાના બાળકો ઉપર અત્યાચાર નથી થતા ? શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તેના બાળ



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

વિદ્યાર્થીઓ ઉપર વિવિધ પ્રકારે અત્યાચાર નથી થતા ? અનાથ, રસ્તે રઝળતા, ભીખ માગતા, મહેનત કરીને પેટીયું રળતા બાળકો ઉપર જાણ્યે-અજાણ્યે આપણે સૌ અત્યાચાર નથી કરતા ? એક સર્વેના તારણ મુજબ ભારતીય સમાજમાં જન્મેલું દરેક બાળક યુવાન વયે પહોંચે છે તે પહેલાં શારીરિક, માનસિક કે બૌધ્ધિક અત્યાચારનો ભોગ બને જ છે. એ અત્યાચારની રીતમાં વિવિધતા હોઈ શકે પણ કોઈપણ બાળક એ અત્યાચારથી બાકાત નથી રહી શકતું એ હકીકત છે. થોડા સમય પહેલાં એક જ્ઞાતિના છાત્રાલયની મુલાકાત લીધી. ધોરણ એકથી દસના બાળકો માટેનું આધુનિક સગવડતાઓથી સજ્જ સુંદર છાત્રાલય. સાંજના સમયે એ છાત્રાલયની મુલાકાતે ગયો ત્યારે એક મોટા વિશાળ ક્લાસરૂમમાં બેન્ચ ઉપર બેસીને બધા જ છાત્રો અભ્યાસ કરવા માટે બેઠા હતા. ગ્રહપતિ સાથે વાતચીત દરમ્યાન જાણવા મળ્યું કે રોજ સવારે સાતથી નવ વાગ્યા સૂધી અને સાંજે આઠથી દસ વાગ્યા સુધી બધા જ છાત્રોએ એક સાથે અભ્યાસ કરવા ફરજિયાત બેસવાનું. આ સમય દરમ્યાન એક છાત્ર બીજા છાત્ર સાથે વાત પણ ના કરી શકે. ઊભો પણ ના થઈ શકે અને બહાર પણ ના જઈ શકે. લગભગ એંસી જેટલા છાત્રો ઉપર ક્લાસરૂમમાં દેખરેખ રાખવા માટે ચાર છાત્રોને મોનીટરની જવાબદારી સોંપવામાં આવી હતી. ગૃહપતિની વાત સાંભળી મેં થોડું વધારે નિરીક્ષણ કર્યું તો એંસીમાંથી મોટા ભાગના છાત્રોનું અભ્યાસમાં ધ્યાન ન હતું. કોઈ બગાસાં ખાતા હતા. કોઈ આળસ મરડતા હતા. કોઈ બેન્ચ ઉપર માથું ઢાળી સૂતા હતા. કોઈ નોટબૂકમાં આડા-અવળા ચિત્રો દોરતા હતા તો કેટલાક છાત્રો ઈશારાઓ અને સંજ્ઞાઓ દ્વારા એકબીજાની મજાક-મશ્કરી કરતા હતા. બાળકની ઈચ્છા હોય કે ના હોય, મૂડ હોય કે ના હોય, ફરજીયાત અમુક નિશ્ચિત સમયે નિશ્ચિત કલાકો સૂધી અભ્યાસના બહાને એક જગ્યાએ ગોંધી રાખવા એ એક પ્રકારનો માનસિક અત્યાચાર જ છે. આ પ્રકારનું બાળકો પ્રત્યે વર્તન ઘણા ઘરમાં પણ થતું જ હશે.

સ્વાભાવિક છે કે બાળક માટે શાળાએ જવું તો ફરજિયાત હોય જ અને તેની તો જરૂરિયાત પણ છે. પણ શાળા ઉપરાંત, ટ્યુશન ક્લાસ, હોબી ક્લાસ, હોમવર્ક, કાર્યક્રમો, મેળવડાઓ, હરિફાઈઓ અને ઘરકામ - આ બધા જ પ્રકારના કાર્યોમાં ફરજિયાતપણું એ બાળક માટે માનસિક રીતે બોજારૂપ અને તાણરૂપ બની જતું હોય છે. આ ઉપરાંત, બાળકની કાર્યક્ષમતા હોય કે ના હોય, મા-બાપ દ્વારા બાળકો પાસેથી તમામ પ્રકારનાં કાર્યોમાં ઊંચી અપેક્ષાઓ રાખવામાં આવે છે તે બાળકોને માનસિક રીતે ભાંગી નાખે છે. આ પ્રકારના માનસિક તનાવમાંથી મોટેભાગે કોઈ જ બાળક બાકાત નથી રહી શકતું કારણ કે દરેક મા-બાપ, જાણ્યે- અજાણ્યે પોતાના બાળકો ઉપર કોઈ ને કોઈ પ્રકારનો અત્યાચાર તો કરે જ છે. સાથે-સાથે તેનું ગૌરવ પણ લે છે કારણ કે મા-બાપ આ પ્રકારની પોતાની હરકતોને અત્યાચાર નથી માનતા પણ પોતાની બાળકો પ્રત્યેની ફરજ માને છે. મા-બાપ આ પ્રકારના ભ્રમમાં સતત રહે છે જેનું નુકશાન ભવિષ્યમાં પોતાને અને પોતાના બાળકો બંનેએ વેઠવું પડે છે.

આર્થિક રીતે પછાત, મજબૂર મા-બાપ પોતાના બાળકો પાસે આર્થિક મદદ માટે મજૂરી કરાવે તે વાત સ્વીકાર્ય હોઈ શકે, પણ આર્થિક રીતે સધ્ધર ખાસ કરીને વેપાર કે વ્યવસાય કરતા મા-બાપ પોતાના બાળકોને ફરજિયાતપણે દરરોજ અમુક કલાકો પોતાની દુકાન,પેઢી, ઓફિસ કે કારખાને બેસવાની ફરજ પાડે એ પણ એક પ્રકારનો અત્યાચાર જ છે. બાળકો નાનપણથી ધંધે બેસે તો શીખે અને ધંધાનો વારસો સંભાળી શકે એ બહાના હેઠળ બાળકોએ ફરજિયાત સમય ફાળવવો પાડે એ કદાચ યોગ્ય નથી.

પોતાના બાળકોને સારું શિક્ષણ આપવું, બાળકોના શોખને પોષણ આપવું, બાળકોને નિયમિતતા શીખવવી, બાળકોને પેઢીગત ચાલ્યા આવતા ધંધા-રોજગાર કે વેપાર-વણજનું જ્ઞાન આપવું, બાળકોમાં સંસ્કારનું સિંચન કરીને તેમના વ્યક્તિત્ત્વનું ઘડતર કરવું એ દરેક મા-બાપની ફરજ છે અને એ વાતનો કોઈ જ વ્યક્તિ ઈનકાર કરી શકે નહીં. વ્યક્તિત્ત્વ ઘડતરના ઓઠા હેઠળ બાળકોને ના ગમતી પ્રવૃતિઓમાં પરાણે ધકેલવા, બાળકોને ફરજિયાતપણે અમુક પ્રવૃતિઓમાં ગોંધી રાખવા એ એક પ્રકારનો 'ઈમોશનલ અત્યાચાર' છે. બાળક તો પોતાના મા-બાપ કે વડીલોના આ પ્રકારના અત્યાચારો મૂંગે મુખે સહન કરી લે છે પણ તેના વ્યક્તિત્વ ઘડતરમાં લાંબા સમયે અવળી અસરો પેદા થાય છે જેનો ભોગ બાળક જ બને છે.

બાળક પાસે આ પ્રકારના અત્યાચારો સહન કરવા સિવાય બીજા કોઈ વિકલ્પો નથી. બાળક સહન કર્યે જાય છે અને મનમાં ને મનમાં એક પ્રકારની વિદ્રોહની લાગણીને સંઘરી રાખે છે. આ હૃદયમાં સંઘરી રાખેલી વિદ્રોહની લાગણી ગમે ત્યારે ભભૂકી ઉઠે છે, મનમાં ઢબૂરાયેલો જ્વાળામુખી ગમે ત્યારે ફાટી શકે છે. એ જ્વાળામુખી જ્યારે ફાટે છે ત્યારે એ આગમાં બાળક તો દાઝે છે સાથે સાથે તેના મા-બાપ, ભાઈ-બહેન અને અન્ય કુટુંબીજનો પણ દાઝે છે. તેની આગમાંથી કોઈ જ છટકી શકતું નથી.

આપણે સૌ આત્મમંથન કરીએ, આપણે તો એ વિસ્ફોટક જ્વાળામુખીના સર્જન માટે જવાબદાર તો નથી ને ?

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ગુરુ પૂર્ણિમા ઉજવાઈ



ગાંધીનગર, તા. ૧૯

લેકાવાડા ખાતે મંગળવારે સ્થિત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ભારત વિકાસ પરિષદ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'ગુરુ વંદન છાત્ર અભિનંદન' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર શાખાના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ રાવલ, મંત્રી દિપકભાઈ પટેલ, હેમંતભાઈ સુથાર તથા જીઈબીના નિવૃત્ત ઈજનેર મધુસૂદનભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત ગત શૈક્ષણિક વર્ષમાં સારી કામગીરી બદલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ભારત વિકાસ પરિષદ દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રસંગે ગુરૂવંદનાનો લાભ લીધો હતો.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**